॥ आरम्भः ॥

શીશુ બોધ.

બાળકોને ધર્મનું, તેમજ નિતીનું જ્ઞાન થવા સારૂ

દોહરો.

સુધરે નિતી બાળની, થાય ધર્મનું ગ્નાન;
વધે ગ્નાન વહેવારનું, આવે દેશાભિ[illegible].ન.

[illegible]રનાર.
વૈદ્ય. ધીરજ[illegible]મ સુરતવાળા.

[illegible]દાવાદ.
" સમશેર બાહાદુર " પ્રેસ.
સંવત ૧૯૬૧—સને ૧૯૦૪
મૂલ્ય અમૂલ્ય.

શીશુ બોધ.

આ શીશુ બોધ લખવાનું મુખ્ય કારણ નાની વયના છોકરાંઓને ધર્મ સબંધી, નીતી સબંધી, અને વહેવાર સબંધી જ્ઞાન થવાને માટે લખ્યું છે, એમાં જે સવાલ જવાબ લખ્યા છે તેનું કારણ એટલુંજ છે કે, સવાલના જવાબ છોકરાંઓને મોડે રાખવાની ટેવ હોય છે, તેમજ સવાલ જવાબથી શીખવાનું સહેલુ પડે એટલુંજ નહીં પણ એવી રીતે યાદ પણ વધારે રહી શકે, માટે આ લઘુ પુસ્તક સવાલ જવાબના રૂપમાં લખવામાં આવ્યું છે, આવાં નાનાં પુસ્તકો ઘણાંજ થવાની જરૂર છે. કારણ આજકાલના ઉછરતા બાળકોને ધર્મનું શીક્ષણ આપવાને આવાં પુસ્તકો ઘણાંજ મદદગાર થ[illegible], કારણ હિંદુ ધર્મનાં મોટાં મોટાં પુસ્તકો છોક[illegible] રહેવાં ઘણાં કઠણ થઇ પડે છે. માટે જો આ પુસ્તક[illegible] લીધી બીજાં એવા હેતુનાં પુસ્તકો લખાય આછી [illegible] તે દેશમાં વેચાય તો બેશક તે બાળવર્ગને ઘણાંજ ઉપયોગી થઇ પડયા વગર રહેશે નહી.

લી૦ આપનો ધર્મબંધુ
વૈદ્ય. ધીરજરામ દલપતરામ.

———

શીશુ બોધ.



દીકરો—બાપા, આ બધા માણસો અને ઝાડ પાહાડ એ બધુ કોણે બનાવ્યું હશે?

બાપ—બાહા; એ સઘળાનો કર્તા એક ઇશ્વર છે.

સવાલ—ત્યારે ઇશ્વરનો કર્તા કોણ હશે?

જવાબ—ઇશ્વરનો કર્તા કોઇ જ નથી, તેતો હમેશાં છે ને છેજ.

સ—ઇશ્વર કેટલા હશે?

જ—એકજ,

સ—એક ઇશ્વર આ બધુ તે શી રીતે કરી શકતો હશે બાપા?

જ—તે કંઇ માણસ છે કે નહી કરી શકે;

સ—ત્યારે તે કોણ છે?

જ—જો ભાઈ, ઇશ્વર તો જે ધારે તે કરે. તેને કંઇ માણસ ની પેઠે હાથ, પગ, કાન, મો, વીગેરે નથી; પણ તેનામાં એવી મોટી શક્તિ છે કે બધુ કરી શકે;

સ—એમ કેમ કહોછો, આપણા ઘરમાં તમે પુજા કરોછો, અને જેને ઇશ્વર કહીને પગે લાગોછો, તેને તો હાથ પગ બધુંએ છે?

જ—હા, તેને તો બધુંએ છે, પણ તે કંઇ ઇશ્વર નહી એતો તેના અવતારની મુરતી છે.

સ—શું ઇશ્વર અવતાર લે?

જ—ના ઇશ્વર તો અવતાર નહી લે, પણ જ્યારે પૃથ્વી-
માં બહુ પાપીઓ વધી જાય, ત્યારે તેની પ્રેરણાથી
કોઇ માહાત્મા પુરૂષ પ્રગટ થાય અને તે ઇશ્વર રૂપ
જ મનાય.

સ—તમે તો કહેતા હતા કે ઇશ્વરના અવતારની મુરતી,
તેની પુજા કરીએ છઇએ? અને વલી પાછા એમ
કહોછો કે ઇશ્વર તો અવતાર લેતા નથી ત્યારે એમાં
ખરૂ શુ?

જ—હવે તારે એ બધી પંચાતી કરીને શું કરવું છે, તું
તારે નીશાળે ભણવા જા એટલે થયું.

સ—પણ મને આ વાત સારી લાગે છે, માટે મને કૃપા ક-
રીને કહોતો સારૂ!

જ—જો ભાઇ હું કંઇ પંડીત નથી, તું તો એવા વિચીત્ર
સવાલ પુછેછેકે તેના જવાબ તો કોઇ પંડીતજ દઇ શકે;

સ—વારૂ ત્યારે એતો વાત રહી પણ તમે પેલાં ચાર પુસ્ત
કો હવણાં લાવ્યા છો તે શાનાં છે?

જ—એતો ચાર વેદ છે;

સ—વેદ એટલે શુ, અને તેમાં શું લખેલું છે?

જ—વેદમાં બધી જાતનું જ્ઞાન છે;

સ—ત્યારે તે કોણે બનાવેલા હશે?

જ—વેદ ઇશ્વર કૃત છે;

સ—વેદ ઇશ્વરને બનાવવાની શી જરૂર પડી હશે!

જ—લોકોને સારે રસ્તે ચલાવવાને માટે,

સ—વારૂ; ત્યારે તેમાં સારે રસ્તે ચાલવાની શી બાબત લ-
ખેલી છે?

જ—હા; એ વાત તને કહું કેમકે તે તારે કામની છે? લે સાંભળ;

સ—કહો ત્યારે તેમાં શું લખેલું છે;

જ—પહેલી વાત તો સવારમાં વેહેલા ઉઠવું;

સ—વેહેલા ઉઠીને શું કરવું ?

જ—પ્રથમ સુર્યોદય પેહેલા ઉઠી દીશા જંગલ જઇ આવી દાતણ પાણી કરીને નાહવું;

સ—વારૂ; ત્યાર પછી ?

જ—નાહીને સંધ્યા કરવી,

સ—વારૂ; આપણ તો બધે બ્રાહ્મણ છૈયે તે સંધ્યા કરીયે, પણ વાણીયા કણબી વીગેરે શું કરે ?

જ--જેવી રીતે બ્રાહ્મણને સંધ્યા કરવાનો અધીકાર છે તેવી રીતે વાણીયાને અને ક્ષત્રીઓને પણ છે;

સ—ત્યારે તે દીવસે તોતમે મને સંધ્યા સીખવતા હુતા અને પેલા એમલસીંહજી ઠાકોર આપણે ત્યાં આવ્યા હુતા ત્યારે તમે મને કહ્યું હતું કે તું મનમાં બોલજે કોઇ સાંભળે તો આપણને પાપ લાગે અને આજે તો કહોછો કે બધાએ સંધ્યા કરવી જોઇએ ?

જ—જો ભાઇ આજ કાલ એવી રૂઢી પડી ગઇ છે કે બીજા લોકોના દેખતાં બ્રાહ્મણથી વેદના મંત્રો બોલાય નહી;

સ—ત્યારે હમારી નીશાળમાં એક પાદરી આવે છે તેતો આપણો ગાયત્રી મંત્ર બધાના દેખતાં મોટેથી બોલે છે, તેનું કેમ ?

જ—એ તો હવે વેદનાં પુસ્તકો છપાયાં એટલે બધાએ વાં

ચે છે, તેમાં આપણે શું; પણ ખરી રીતે જોતાં વેદ ભણવાનો અધીકાર મેં તને કહ્યું તેમ ત્રણે વર્ણને છે,
સ—વારૂ; ત્યારે સંધ્યા કર્યા પછી શું કરવું?
જ—પોતે જે અભ્યાસ કરતો હોય તે અભ્યાસ કરવો;
સ—વારૂ; ત્યારે વેદ કેટલા છે?
જ—ચાર,
સ—કયા કયા?
જ—રૂગ્વેદ, યજુરવેદ, સામવેદ, અને અથરવેદ;
સ—વારૂ; ત્યારે બધી દુનીયાંજ વેદ પ્રમાણે સંધ્યા વીગેરે કરતી હશે કે?
જ—ના, સૌ સૌના ધર્મ પ્રમાણે કરે;
સ—બીજા ધર્મ વળી જુદા હશે કે?
જ—હા, કેટલાક પુરાણ પ્રમાણે વર્તે છે;
સ—પુરાણ તે શું, અને તે કોનાં બનાવેલાં છે?
જ—જેવી રીતે વેદ ચાર છે, તેમ પુરાણ અરાઢ છે, અને તે વ્યાસ નામના એક રૂષીએ જુદી જુદી વખતે બનાવ્યાં છે; એવું લોકો માને છે.
સ—વારૂ તેમાં શું લખેલું છે?
જ—તેમાં મુખ્ય કરીને પાછલી બાબતનો ઇતીહાસ અને દૃષ્ટાંતો છે, તેમજ કેટલીક નીતીને લગતી બાબતો પણ જોવામાં આવે છે;
સ—નીતી એટલે શું?
જ—હંમેશાં સારે રસ્તે ચાલવું તે નીતી;
સ—ત્યારે તે બાબત વેદમાં નથી?
જ—વેદમાં પણ છે;

સ—ત્યારે પુરાણ જુનાં કે વેદ ?
જ—જુનાતો વેદ;
સ- વેદમાં કઇ કઇ નીતી કહેલી છે તે કહોની ?
જ—માબાપની આજ્ઞા પાળવી; જુઠુ નહી બોલવુ, ચોરી નહીં કરવી, વ્યભીચાર નહી કરવો; વીગેરે બાબત વેદમાં છે,
સ—ત્યારે તમો પુરાણમાં એવી નીતિ છે એમ કહેતા હતા, એ વાત ખરી કે નહી ?
જ—હા.
સ—ત્યારે તમો હવડાં રોજ રાત્રે પેલો ચોપડો વાંચોછો તે શેનો છે ?
જ—એ તો ભાગવતનો છે;
સ—એ પુરાણમાં ખરૂ કે નહી;
જ—હા, ભાગવતને પણ અરાઢ પુરાણમા ગણેલુ છે; ખરૂ
સ—ત્યારે તેમાં તો ચોરીની અને વીભીચારની વાતો આવે છે, તેનું કેમ ?
જ—નાના ભાગવતમાં એવું વળી કયાં છે તું શું સમજે,
સ—કેમ વળી તેમાં તમે તે દીવસે વાંચતા હતા કે કાનુડાએ દહીને માખણ ચોરીને ખાધાં, અને ગોપીકાઓ સાથે રાસ ક્રીડા રમ્યો, એ વાત ખરી કે ખોટી;
જ—હા, તું પણ વાત યાદ રાખે છે ખરો પણ એ વાત તારે ખરી માનવી નહી,
સ—ત્યારે શું ખોટી માનવી જો એમ કહો ત્યારે તો બધો એ ભાગવતનો ચોપડોજ ખોટો પડે તેનું કેમ ?
—ઠીક છે, એ વાત તને આગળ સમજાવીસ ?

સ—ઠીક તમારી જેવી મરજી; પણ મુસલમાન, પારશી, અંગ્રેજ એ બધા વેદને માનતા હશે કે પુરાણને?

જ—કોઇને નહી;

સ—ત્યારે શું એ લોકોનો ધર્મજ નહી. કે?

જ—ના ધર્મ તો ખરો પણ તેનો ધર્મ જુદો; અને આપણો જુદો.

સ—તેનો કયો ધર્મ, તે પરમેશ્વરને માનતા હશે કે નહી?

જ—પરમેશ્વરને તો બધાએ માને પણ સૌ સૌના ધર્મ પ્રમાણે માને અને ભજે;

સ—મુશલમાનો કેવી રીતે માનતા હશે?

જ—મુશલમાનો કુરાનને માને; અને તેમાં લખ્યા પ્રમાણે વર્તે, જેવી રીતે આપણો વેદ તેવી રીતે, તે લોકોનું કુરાન,

સ—ત્યારે પારસી લોકો પણ કુરાનને માનતા હશે?

જ—ના તે લોકોનું ધર્મ પુસ્તક જુદુ છે, તે લોકો પોતાના ધર્મ પુસ્તકને "ઝંદ આવસ્તા" કહે છે, અને તેમાં લખ્યા મુજબ ધર્મ માને છે,

સ—ત્યારે અંગ્રેજ લોકો સેને માનતા હશે?

જ—એ લોકોનુ ધર્મ પુસ્તક બાઇબલ કહેવાય છે, અને તે પુસ્તકના હુકમ મુજબ અંગ્રેજ લોકો ચાલે છે?

સ—વારૂ ત્યારે હીંદુ, મુશલમાન, પારસી, અને અંગ્રેજ એ બધાનો ઇશ્વર તો એક કે જુદા જુદા તે કહો?

જ—તો ગાંડા, ઇશ્વર તે વળી જુદા હોય. ઇશ્વરતો એકજ

સ—જ્યારે ઇશ્વર એક ત્યારે એ બધા જુદા કેમ?

જ—જે જ્યાંના વતની અને જે મુલક અને ખંડના રહેવા-

સી તે ઉપરથી તેનાં નામ અને તેથીજ તેના ધર્મ પંણ જુદા

સ—ત્યારે આપણે ક્યાંના રહેવાસી;

જ—આર્યાવૃતના,

સ—અને અંગ્રેજો ક્યાંના;

જ—યુરોપના;

સ—હમારી ચોપડીમાં આવ્યું હતું કે, ચીનના રહેવાસી તે ચીના, યુરોપના રહેવાસી તે યુરોપીયન, જાપાનના રહેવાસી તે જાપાનીસ, અમેરીકાના રહેવાસી તે અમેરીકન, ત્યારે આપણે આર્યા વૃતના રહેવાસી છતાં આપણું નામ હીંદુ કેમ?

જ—વાજબી રીતે તો આપણા લોકોનું નામ હીંદુ નથી પણ આર્ય છે, હીંદુ શબ્દ તો ઘણો નઠારો છે?

સ—નઠારો એટલે કેવો?

જ—હીંદુ શબ્દનો અર્થ ફારસી ભાષામાં કાફર અને બેદીન એવો થાય છે; તેમજ હિંદુ શબ્દ પણ આપણી ભાષાનો નથી;

સ—ત્યારે આપણે હિંદુ કેમ થયા!

જ—મુશલમાનોએ આપણા લોકનુ નામ હીંદુ પાડ્યું.

સ—કારણ શા વાસ્તે એવું નઠારૂ નામ પાડ્યું?

જ—આપણા લોકો એ ધર્મમાં નહી ગયા તેથી;

સ—ત્યારે આપણું ખરૂ નામ હિન્દુ નહી પણ આર્ય છે કેમ; હવે આજથી મને કોઇ પુછશે તો હું આર્ય કહીશ, કેમ બાપા તેમાં કંઇ હરકત છે!

જ—ના, હરકત શાની;

સ—વારૂ ત્યારે, વેદમાં બીજી શી સારી વાતો લખેલી છે?
જ—વેદમાં બ્રહ્મચર્ય પાળવાનું લખેલું છે;
સ—તે શું?
જ—જનોઇ દીધું એટલે ગુરૂને ત્યાં જઇ ઓછામાં ઓછાં બાર વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરવો, અને ભીક્ષા માગીને અથવા ગુરૂને ત્યાં ખાવું સંસારની બીજી બધી ઉપાધીથી દુર રહેવું, અને વિર્યની રક્ષા કરવી એનું નામ બ્રહ્મચર્ય;
સ—પછી શું કરવું?
જ—ત્યાર પછી ગ્રહસ્થાસ્રમી થવું, એટલે પરણવું અને સંસારનું સુખ ભોગવવું,
સ—ત્યાર પછી તો કંઇ કરવાનું નહી કેની?
જ—નહી કેમ? ત્યાર પછી પાછો સંસાર છોડીને એકાંતમાં રહેવું, તેને વાનપ્રસ્તાશ્રમ કહે છે,
સ—તેમાં શું કરવું?
જ—તેમાં બ્રહ્મચર્ય અવસ્થામાં સીખેલી વીદ્યા પાકી તાજી કરવી અને પછી સંન્યાસી થવું;
સ—સંન્યાસી એટલે?
જ—કેમ સંન્યાસી એટલે શું તે નથી જાણતો આપણે બેર પેલા કોઇ કોઇ દીવસ હાથમાં દંડ કમંડળ લઇને રાખવાનંદ જંબા આવે છે તેવા સન્યાસી;
સ—હા હા ઠીક ભગવાં લુગડા પેરીને હાથમાં લાંબી લાકડી અને એક કમંડળ લઇને ઘેર ઘેર જમવા જાય છે તેજ કેની સંન્યાસી; એ તો સારૂ એને તો ખુબ મઝા સારૂ સારૂ ખાવાનું મળે, અને લોકો મહારાજ

માહારાજ કરે; એમાં તો બહુ સુખ?

જ—પણ સંન્યાસીનું ખરૂ કામ તો ગામે ગામ ફરીને લોકોને વેદનો ઉપદેશ કરવો અને તેઓને સારે રસ્તે ચડાવવા એ છે, એને કંઇ એક જગ્યાએ મઠ બાંધીને બેસી રહેવાનું નથી;

સ—ત્યારે આપણે ત્યાં જંબા આવે છે, એ તો કંઇએ જતાએ નથી ને આવતાએ નથી?

જ—બધા સંન્યાસીઓ કંઇ સરખા હોય છે, કોઇ વળી એવા પણ હોય;

સ—ત્યારે બધા સન્યાસીઓને ભણવું તો પડેજ જ કેની!

જ—આજ કાલ કોણ ભણે છે, અને વાજબી રીતે આશ્રમ પણ પાળે છે;

સ—આશ્રમ તે વલી કેવા?

જ—કેમ મેં તને હુવઠા જુદા જુદા કહ્યા ને એટલી વારમાં વિશારી ગયો;

સ—અરે હા હા, બ્રહ્મચર્ય; ગ્રહસ્થ; વાનપ્રસ્ત, અને છેલ્લો સંન્યસ્ત, એજ કેની?

જ—હા એજ;

સ—એ કેમ વારૂ હુવડાં કોઇ પાળતું નથી?

જ—જ્યારથી એ આશ્રમોની રીતી તુટી છે, ત્યારથીજ જાતીઓની પણ એવીજ માઠી દશા થઇ છે એટલે પછી આશ્રમો તે શી રીતે પળાય;

સ—જાતી કેવી?

જ—જાતી તે વલી, બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય, અને સુદ્ર, એ ચાર જાતીઓ હતી તેની હુવણાં તો બહુ થઇ ગઇ છે

સ—ત્યારે તે કેટલી?

જ—પ્રથમ બ્રાહ્મણો નામે એકજ જાતી હતા, અને આજે બ્રાહ્મણોમાં પણ ચોરાસી જાતો થઇ ગઇ છે, તેમજ વાણીયામાં પણ ઘણી જાતો, અને ક્ષત્રીનું તો પુછવું નહી, અને એ ત્રણે વર્ણનું ઠેકાણું નહી એટલે પછી સુદ્ર જાતીઓમાં પણ સેંકડો જુદી જુદી જાતો થઇ ગઇ અને તેઓનાં નામ ધંધા ઉપરથી પડયા;

સ—ધંધા ઉપરથી કેવી રીતે નામ પડયાં?

જ—સુતારનું કામ કરે તે સુતાર, લુગડા સીવે તે દરજી, જોડા સીવે તે મોચી, તેલ દીવેલ વેચે તે ઘાંચી લો હુ ટીપે તે લુહાર, લુગડાં ધુવે તે ધોબી, હજામત કરે તે હજામ, વીગેરે જે જેવો ધંધો કરે તે ઉપરથી તેનાં નામો પડયાં અને તેની જુદી જુદી ન્યાતો બંધાઇ બાકી પુર્વે એ બધાએ સુદ્ર ગણાતા,

સ—વાહ એતો જાણે સુદરોની એટલી બધી ન્યાતો થઇ ગઇ પણ ક્ષત્રી વૈસ્ય અને બ્રાહ્મણોમાં તો કંઇ જુદા જુદા ધંધા નથી દેખાતા; બ્રાહ્મણ તો ભીક્ષા વૃતીજ કરે છે, વૈસ્યો વેપાર કરે છે, અને ક્ષત્રીઓ રાજ કરે છે.!

જ—બ્રાહ્મણનો ધંધો કંઇ ભીખ માગવાનો નથી;

સ—ત્યારે ? બ્રાહ્મણો શું ધંધો કરે?

જ—બ્રાહ્મણનો ધંધો, વિદ્યા ભણવી અને ભણાવવી વૈસ્યનું કામ વેપાર કરવો અને ખેતી કરવી અને ક્ષત્રીનું કામ રાજ્ય કરવુ અને બ્રાહ્મણો વીગેરેની સંભાળ રાખવી, અને સુદ્રનું કામ એ ત્રણે વર્ણની સેવા કરવી

આગળ કંઇ એમ નોતું કે જે ક્ષત્રીને ત્યાં જનમ્યો તે ક્ષત્રીજ થસે કે બ્રાહ્મણને ઘેર જનમ્યો તે બ્રાહ્મણ થસે, અથવા સુદ્રને ત્યાં જનમ્યો તે સુદ્રજ રહેશે.

સ—ત્યારે કેવી રીતે હતું. તમારા કેવા ઉપરથી તો એમ સમજાય છે કે બ્રાહ્મણોનો સુદ્ર થઇ જાય ને સુદ્રનો બ્રાહ્મણ થઇ જાય; એ તે કંઇ બને; આપણાથી શું વાણીયાને ઘેર જઇને ખવાસે?

જ—જો ભાઇ પ્રથમ એમ હતું કે જે વિધાભ્યાસ કરે અને જેનામાં બ્રાહ્મણના જેવા સાત્વીક ગુણ હોય તો તે બ્રાહ્મણ થાય;

સ—વારૂ; ત્યારે ક્ષત્રી સી રીતે થાય?

જ—વિધાભ્યાસ તો ક્ષત્રીએ પણ કરવો જોઇએ પણ જેનામાં ક્ષત્રીપણાનો એટલે મારૂં મરૂનો ગુણ હોય તો તે ક્ષત્રી થતા;

સ—ત્યારે વૈસ્ય કેમ થતા?

જ—એવીજ રીતે જેની બુદ્ધી, વેપાર અને ખેતી કરવામાં વધારે દેખાતી તો તેને વસ્યની પદવી આપતા અને જેની બુદ્ધી એ ત્રણેમાં નહી ચાલતિ તે સુદ્ર રહેતા આવી રીતે પુર્વે હતું; અને ત્યારે ખરી રીતે વેદમાં કહેલો ધર્મ સઘળી જગ્યાએ મનાતો અને ચાલતો અને જેમ જેમ તેમાં ફેર પડતો ગયો તેમ તેમ છેક અધમ દશાએ પોચતા ગયા; તે આજ સુધીમા છેક અધમ દશામાં આવી ગયા છઇએ;

સ—જ્યારે વેદ ધર્મ આટલો બધો ખરો છે ત્યારે તેની છેક આવી માઠી દશા કેમ થઇ?

જ—સ્વાર્થી લોકોએ લોકોને ખરો ઉપદેશ કરવો મુકી દ ઇને જેવી રીતે પોતાનું પુજન થાય તેવોજ ઉપદેશ કર્યો જેથી ખરી વાત ઢંકાઇ ગઇ;

સ—ત્યારે તમે જે આ બધી વાત કહો છો. એ તમને કોણે ઉપદેશ કર્યો?

જ—હવડાં થોડા વર્ષ ઉપર એક દયાનંદ સ્વામી કરીને સંન્યાસીએ લોકોને ઉંઘમાંથી જગાડયા અને વેદનો ઉપદેશ દેશ દેસ ફરીને કર્યો જેથી ઘણાં લોકે સત્ય ધર્મ શું છે તેથી જાણીતા થયા, ખરેખર દયાનંદ સ્વામી તો એક માહાત્મા પુરૂષજ હતા;

સ—તે કોણ સંન્યાસી હતા?

જ—હા; તે સંન્યાસી હતા અને બહુજ મોટા વિદ્વાન હતા તેમણે ચારે વેદના હિંદુસ્તાની ભાષામાં અર્થ કર્યા છે જેથી ઘણા લોકો વેદ ધર્મથી જાણીતા થયા છે;

સ—તે સ્વામી કયાં રહે છે?

જ—તે સ્વામી તો મૃત્યુ પામ્યા;

સ—ત્યારે હવે કોણ એવો બોધ લોકોને કરતું હશે?

જ—તે સ્વામીએ એક આર્ય સમાજ નામની મંડળી સ્થાપી છે, અને તેમાં ઘણા વિદ્વાન લોકો છે, તે લોકો ગામે ગામ ફરીને ઉપદેશ કરે છે, તેમજ બીજા ઘણા સન્યાસીઓ પણ ઉપદેશ કરે છે;

સ—એવી આર્ય સમાજ કેટલી છે?

જ—ઓહો સમાજો તો કોઇ બે ચાર હજાર હશે અને દીવસે દીવસે વધતીજ જાય છે.

સ—ત્યારે સમાજમાં દરરોજ બધા લોકો આવતા હશે કે?

જ—ના, દરરોજ તો નહી, પણ રવીવારે બધાએ આવીને ઇશ્વર પ્રાર્થના કરે છે.

સ—ત્યાં કયા માણસો જઇ શકે?

જ—હરેક માણસ જઇ શકે છે;

સ—ત્યારે એમાં કોઇને પૈસા કે દક્ષણા આપવી પડે કે?

જ—ના ફક્ત પોતાની મરજી આવે તે વરષ દીવસે સમાજનો ખરચ ચલાવવાને આપવુ પડે?

—આ વાતતો મેં આજેજ જાણી તમે મને રજા આપો તો હું દર રવીવારે ત્યાં જાઉ?

જ—હા ભલે ત્યાં જવાને કસી અડચણ નથી;


સ—આપણે પણ કંઇ પૈસા આપવા પડશે કે?

જ—હા તેમાં શું એવા સારા કામમાં પૈસા આપવા તેતો ઘણું શારૂ.

સ—ત્યારે એમાં જે લોકો દાખલ થાય છે, તે લોકો એક બીજાને રસ્તામાં મળે ત્યારે શુ કહેતા હશે?

જ—એ લોકો એક બીજાને નમસ્તે કહે છે?

સ—ત્યારે તો હું પણ રવીવારથી જઇશ અને પછી નમસ્તે, નમસ્તે, નમસ્તે, નમસ્તે, કહીશ?



સમશેર બહાદુર ઓફીસમાં નીચે લખેલાં પુસ્તકો વેચાય

રાણકદેનો રાહખેંગાર	૦-૪-૦	શ્રીમદ્-ભાગવત ગીતા.	૦-૮-૦
ધ્રુવાખ્યાન.	૦-૧-૦	કુંવારી કન્યા	૧-૪-૦
અભીમન્યુ ચકાવાના નાટકના ગાયનો	૦-૨-૦	ભયંકર જુતાવળી.	૦-૨-૦
		ઓધવજીનો સંદેશો.	૦-૧-૦
અમરસીંહ નાટક.	૦-૧-૦	[illegible]રામની ઓળખ પદમાળા.	૦-૨-૦
ધ્રુપતી નાટક.	૦-૧-૦	રામરક્ષા સ્ટીક.	૦-૨-૦
ઉદેપુરના રાણા રણજીતસીંહ નાટક.	૦-૧-૦	મહીમન સ્તોત્ર.	૦-૧-૦
નવરાત્રીના ગરબા.	૦-૨-૦	ઓખાહરણ	૦-૦-૦
ગુલબહારે મોસીકી.	૦-૨-૦	કારટના ઘોડાની વારતા.	૦-૨-૦
ગુલેગુલબહાર.	૦-૧-૦	મેના પોપટની વારતા.	૦-૨-૬
ભોજાભગતના ચાબખા.	૦-૧-૦	સુંદર વીલાસ.	૦-૪-૦
તરતદાનને મહાપુન્ય.	૦-૧-૦	હોકાની ફરીયાદ	૦-૧-૦
કૃષ્ણચરીત્ર બાળલીલા.	૦-૧-૦	નાજની પદ્મણનો કીસ્સો	૦-૧-૦
સગીત ગરબાવળી.	૦-૧-૦	નંદબત્રીશીની વારતા.	૦-૨-૦
દીલ ખુસ વારતા.	૦-૧-૦		
વીવેક વણઝારો	૦-૧-[illegible]	પાકશાસ્ત્ર	૦-૨-૦
[illegible] પુરાણ	૧-૦-૦	સ્ત્રી ચરીત્રનીરતા	૦-૨-૦
શામળભટના છપ્પા.	૦-૨-૦	વીક્રમચરીત્રની વારતા.	૦-૨-૦
પદમાવતીની વારતા.	૦-૨-૦	સુબોધ અને રસીક ખ્યાલ.	૦-૪-૦
રસીક મહીના.	૦-૨-૦	સહેતાત સાતસીંગા (પુરી)	૦-૮-૦
અભેમન્યુના ચકાવા.	૦-૪-૦	ગુલે નવ બાર.	
મદન-મોહીનાવારતા	૦-૨-૦	ગાન્ધર્વ કૃષ્ણ ચ[illegible]	
વખદકસાર સંગ્રહ.	૦-૪-૦	ગ[illegible]ક.	